આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

દુનિયાદારીના ચોકઠામાં સરસ રીતે ગોઠવાઇ જાય એવા માણસને 'વ્યવહારુ' કહેવામાં આવે છે
- જનકલ્યાણ

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૩૧ | ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૫, શનિવાર ; મહા વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આજે શહેર-જિલ્લામાં આરોગ્યતંત્ર દ્વારા સર્વેલન્સ

## સ્વાઈન ફ્લુના વધતા કેસોના પગલે ૧૦૭ ટીમો દ્વારા પોલીયો અભિયાનની જેમ સર્વેલન્સ કરાશે : માર્ગદર્શક પત્રિકાનું ઘરે-ઘરે વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના તમામ સેક્ટરોમાં આજે આરોગ્યતંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી કરવામાં આવશે.

સ્વાઈન ફ્લુના વધતા જતા કેસોને ધ્યાને રાખી આજે સઘન સર્વેલન્સ કામગીરી કરવા માટે ૧૦૦ જેટલી ટીમો બનાવવામાં આવી છે. પોલિયો અભિયાનની જેમ જ આ ટીમો સવારથી દરેક સેક્ટરોમાં જશે અને જનજાગૃતિ અભિયાનના ભાગરૂપે શું શું પગલાં લેવા તેમજ શું શું કરશો તેનું માર્ગદર્શન આપતી પત્રિકાનું ઘેર ઘેર વિતરણ કરાશે.

આ સર્વેલન્સમાં ઘરમાં કોઈ બિમાર છે ? તેમણે દવા ક્યાંથી લીધી ? કેટલા દિવસથી તાવ આવે છે ? જેવા ટુંકા ટુંકા પ્રશ્નો પણ પુછવામાં આવશે. આવા દર્દીઓને અલગ તારવવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ૬૦ હજાર જેટલા આવાસો તેમજ જાહેર સ્થાનો પર આ સર્વેલન્સ કરવામાં આવશે. આરોગ્ય તંત્ર દ્વારા આ અંગેની તૈયારી કરી દેવામાં આવી છે.

બીજી તરફ જિલ્લાની તમામ શાળાઓમાં સેટકોમ દ્વારા સ્વાઈન ફ્લુ વિશેની વિસ્તૃત સમજ આપવામાં આવશે. આ પછી સ્કૂલોમાં પણ બાળકોના આરોગ્યની પ્રાથમિક ચકાસણી જિલ્લાભરમાં કરવામાં આવનાર છે.

જિલ્લામાં પણ સર્વેલન્સની કામગીરી બપોર પછી હાથ ધરવામાં આવશે. આ માટે પણ પલ્સ પોલિયો અભિયાનની જેમજ કામગીરી કરવાનું આયોજન કરાયુ હોવાનું આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૯ હજારથી વધુ લોકોને ઉકાળાનું વિતરણ આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા કરવામાં આવ્યું છે.

આજે એક વિશેષ અભિયાન તરીકે રેપીડ સર્વેલન્સની કામગીરી કરવામાં આવી રહી છે. જે પ્રથમવાર રોગચાળાને લઈ કરવામાં આવી રહ્યું છે.

# જિલ્લામાં સ્વાઈન ફ્લુથી વધુ એકનું મોત : વધુ એક કેસ નોંધાયો

## રાદેસણ ગામની મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ નોંધાયો : ગાંધીનગર સિવિલમાં ૧૧ દર્દીઓ સારવાર હેઠળ : પાંચ દર્દીઓ સંપૂર્ણ સાજા થતાં રજા આપવામાં આવી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુનો વધુ એક પોઝીટીવ કેસ મળી આવ્યો છે તેમજ વધુ એક દર્દીનુ મોત થતાં જિલ્લામાં સ્વાઈન ફ્લુથી મૃત્ય પામનાર દર્દીનો આંક ચાર પર પહોંચ્યો છે. જ્યારે સ્વાઈન ફ્લુના દર્દીઓની સંખ્યા ૩૦ પર પહોંચી છે.

ગાંધીનગર તાલુકાના રાંદેસણ ગામની મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવ્યો છે. સારવાર માટે તેણીનીને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. કલોલ તાલુકાના મોખાસણ ગામના ૫૫ વર્ષીય વૃદ્ધનું ગઈકાલે મોડી રાત્રે અવસાન થવા પામ્યુ છે. આ સાથે મૃત્યુ આંક ચાર પર પહોંચ્યો છે. જિલ્લામાં આ રોગથી મુક્ત થતાં પાંચ દર્દીને રજા આપવામાં આવી છે.

દરમ્યાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ ૧૧ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફ્લુ માટે ૪ વેન્ટીલેટર પણ અનામત રાખવામાં આવ્યા છે. હાલ સિવિલમાં ૨૦ પથારીનો આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. ગાંધીનગર સિવિલમાં સારવાર માટે દાખલ કરાયેલ સાબરકાંઠા જિલ્લાની એક મહિલા દર્દીનું પણ ગઈકાલે મોડી રાત્રે સારવાર દરમ્યાન અવસાન નીપજ્યું છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

પ્રેમ પર્વ - વિશ્વભરમાં વેલેન્ટાઈન-ડેનો મોટો મહિમા છે... સંત વેલેન્ટાઈનના પ્રેમ એકરારના દિવસને વેલેન્ટાઈન-ડે તરીકે વિશ્વ ઉજવે છે... સંબંધોની ઓળખ લાગણી અને પ્રેમ થકી અનુભવાય છે... માતા-પિતા, ભાઈ-બહેન, પતિ-પત્ની, મિત્રો વગેરે બધા જ સંબંધોની કડી લાગણી છે, પ્રેમ છે... આ પ્રેમ અને લાગણીની અભિવ્યક્તિનો દિવસ ૧૪મીએ સૌ કોઈ ઉજવશે... અને તેની પૂર્વસંધ્યાએ ખરીદીમાં ભારે ધસારો જોવા મળતો હતો...

# અંદાજપત્ર પ્રવચનને આખરી ઓપ

## અંદાજપત્રને તૈયાર કરવા માટે નાણા વિભાગ મોડી રાત સુધી ધમધમી રહ્યું છે : અંદાજપત્રમાં કેટલીક નવી યોજનાઓ જાહેર કરે તેવી શકયતાઓ

ગાંધીનગર, તા.૧૩

વિધાનસભા અંદાજપત્ર સત્ર શરૂ થવાને આડે હવે માત્ર એક અઠવાડીયું જ બાકી રહ્યું છે ત્યારે અંદાજપત્રને આખરી કરવા નાણા મંત્રાલયમાં બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યો છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ૨૩મી ફેબ્રુઆરીથી વિધાનસભાના અંદાજપત્ર સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. ૨૪મી ફેબ્રુઆરીના રોજ રાજયના નાણામંત્રી સૌરભભાઈ પટેલ રાજયનું વર્ષ ૨૦૧૫-૧૬ માટેનું અંદાજપત્ર રજુ કરનાર છે.

અંદાજપત્ર સત્ર આડે હવે માત્ર એક જ સપ્તાહ બાકી રહ્યું છે ત્યારે રાજયની વાર્ષિક યોજનાને આખરી કરવા તેમજ નાણા મંત્રીના અંદાજપત્ર પ્રવચનને આખરી કરવા માટે વિભાગોના અધિકારીઓ મંત્રીઓ સાથે બેઠકોનો દોર ચાલી રહ્યો છે.

નાણા મંત્રી સૌરભભાઈ પટેલના અધ્યક્ષસ્થાને નાણા વિભાગના અધિકારીઓ અને અન્ય વિભાગોના અધિકારીઓ સાથે બેઠકોનો દોર ચાલી રહ્યો છે. જેમાં વિભાગો દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ દરમિયાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ સામે થયેલ ખર્ચ અને આગામી વર્ષ માટે ખર્ચના આપવામાં આવેલ અંદાજોની સમીક્ષા કરીને વિભાગોની નવી યોજનાઓ અંગેની સમીક્ષા કરીને તેને મંજુરી આપવામાં આવી રહી છે.

અંદાજપત્રને તૈયાર કરવા માટે નાણા વિભાગ મોડી રાત સુધી ધમધમી રહ્યું છે અને રાજયની આવક અને ખર્ચના અંદાજોના આંકડાઓને મેળવવાની કામગીરીમાં વ્યસ્ત બન્યું છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વખતે રાજય સરકાર અંદાજપત્રમાં કેટલીક નવી યોજનાઓ જાહેર કરે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકાર પેટ્રોલ પરના વેટના દરમાં તેમજ એસ.ટી.ના ભાડામાં કર રાહતો આપે તેવી શકયતાઓ પણ સેવાઈ રહી છે.

# અલુવા હિલ્સ ખાતે જિલ્લાની ચિંતન શિબિરનો આરંભ

## ૪ જૂથોમાં વિભાજીત અધિકારીઓ જિલ્લાતંત્રને પ્રજાભિમુખ બનાાવવા ચિંતાન કરશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના અધિકારીઓની ચિંતન શિબિરનો આજે સાંજથી આરંભ થયો છે. અલુવા હિલ્સ ખાતે યોજાયેલ આ ચિંતન શિબિરમાં જિલ્લા પંચાયત પ્રમુખ પણ જોડાયા છે.

જિલ્લાના અધિકારીઓની આ ચિંતન શિબિરમાં ચાર જેટલા જૂથોમાં અધિકારીઓને વહેંચી દેવામાં આવ્યા છે. તેઓ જુદા જુદા વિષયોને લઈ ચિંતન કરશે.

આ પછી સાંજે ચિંતન દરમ્યાન રજુ થયેલા સૂચનો અંગે ટુંકુ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરી બધા અધિકારી સમક્ષ રજુ કરશે. આ ચિંતન શિબિરમાં પ્રભારી મંત્રી પણ જોડાવાના છે.

બે દિવસની આ ચિંતન શિબિરમાં અધિકારીઓ દ્વારા જિલ્લાના પ્રશ્નો, જિલ્લાની મહત્વની યોજનાઓ તેમજ જિલ્લા માનવ વિકાસ સૂચકાંકને કઈ રીતે ઊંચે લઈ જઈ શકાય તે વિશે ચિંતન કરશે.

૪૦ થી વધુ અધિકારીઓ આ ચિંતન શિબિરમાં ભાગ લેવા આજે સાંજે અલુવા હિલ્સ પહોંચી ગયા હતા.


ગુજરાત સરકારના વિવિધ ક્ષેત્રોમાં ભરતી!

તલાટી 2400 જગ્યાઓ | Dy.SO/નાયબ મામલતદાર 600+ જગ્યાઓ

(સંભવિત માર્ચ-2015)

PSI / ASI / કોન્સ્ટેબલ 8000+ જગ્યાઓ

PSI (ફી માત્ર ₹ 28,000/-)

| | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| ગાંધીનગર | 24.02.2015 | સવારના 7-00 થી 9-30 | સોમ થી શુક્ર |
| ગાંધીનગર | 20.02.2015 | સાંજના 6-30 થી 9-00 | સોમ થી શુક્ર |
| મહેસાણા શાખા માટે | 21.02.2015 | બપોરના 9-00 થી 11-30 | શુક્ર થી મંગળ |

ASI / કોન્સ્ટેબલ / જેલ સિપાહી (ફી ₹ 14,000/-)

| | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| ગાંધીનગર | 18.02.2015 | બપોરના 12-00 થી 2-00 | સોમ થી શુક્ર |
| મહેસાણા શાખા માટે | 21.02.2015 | બપોરના 11-15 થી 1-15 | શુક્ર થી મંગળ |

તલાટી (ફી માત્ર ₹ 18,000/-)

| | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| ગાંધીનગર | 20.02.2015 | બપોરના 2-15 થી 4-15 | સોમ થી શુક્ર |
| ગાંધીનગર | 23.02.2015 | બપોરના 12-30 થી 2-30 | શનિ / રવિ |
| મહેસાણા શાખા માટે | 21.02.2015 | બપોરના 1-30 થી 3-30 | શુક્ર થી મંગળ |

Dy.SO/નાયબ મામલતદાર (ફી માત્ર ₹ 24,000/-)

| | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| ગાંધીનગર | 23.02.2015 | બપોરના 3-00 થી 6-00 | શનિ / રવિ |
| મહેસાણા શાખા માટે | 25.02.2015 | બપોરના 3-45 થી 5-45 | શુક્ર થી મંગળ |

સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE | સંપૂર્ણ પરીક્ષા સુધીનો કોર્ષ

26.01.1994 થી સ્પર્ધાત્મક પરીક્ષાઓના ક્ષેત્રમાં કાર્યરત

TCCI EDUCATION PVT. LTD.

ગાંધીનગર 9537614606 — પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A.

પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. — મહેસાણા 9537614607

SPOT LOAN AVAILABLE
For Government Employees & Pensioners
Contact: Sidharth Jain
7567245292

ઓછી મજુરી મોટું વળતર
૯૧૬ હોલમાર્ક વાળા દાગીના
મજુરી ફક્ત રૂા. ૧૫૧/-* પ્રતિ ગ્રામ
લઈજાઓ સોનાના ૧૧ દાગીના ફક્ત રૂ. ૧,૭૧,૦૦૦/-* માં
(શેરથાવાળા)
N.C. Zaveri
Gold, Jadtar, Antique, Real Diamond & Silver
૧૮, અભિમન્યુ કોમ્પલેક્ષ, લક્ષ્મી ગાંઠીયારથની સામે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.
(અમારા શો-રૂમની મુલાકાતથી નવીન ડિઝાઈન જોવા મળશે અને ફાયદો થશે)

હેપીહોમ શોપીંગ ફેસ્ટીવલ-૨૦૧૫
- બારી-બારણાના પડદા, ડોરમેટ, બેડશીટ
- પ્લાસ્ટીક આઈટમઅને ચાઈના બજાર
- કિચન વેરની આઈટમ, લાકડાની વસ્તુઓ
- ઈલેક્ટ્રોનીક્સ આઈટમઅને મસાજર
- ખાદી, શર્ટ, કૂર્તા, ડ્રેસ-પીસ, અને ચિકન વર્ક ટોપ
- સાડી, ડ્રેસ પીસ, ફેન્સી ટોપ, લેંગીન્સ, કેપ્રી, લોન્ગ ટોપ,
- નાઈટ પેન્ટ, બરમુડા, ટી શર્ટ અને બાળકોની આઈટમ
- કુર્તી, ટોપ, અનારકલી (XL,XXL,XXXL)

ફ્રી એન્ટ્રી પાર્કિંગ
તદ્દન નવી વેરાયટી
સેક્ટર--૬, સહિયર ગ્રાઉન્ડ પેટ્રોલ પંપની બાજુમાં, ગાંધીનગર

સ્વાઈન ફ્લૂ

રોગના લક્ષણો
- શરદી, ખાંસી અને ગળામાં દુ:ખાવો, ભારે તાવ.
- શરીર તુટવું અને નબળાઈ.
- ઝાડા કે ઝાડા-ઉલ્ટી થવા.
- શ્વાસ ચઢવો જેવા ન્યુમોનિયાના લક્ષણો જણાય.

રોગથી બચવા માટેના ઉપાય
- ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળો.
- ઉધરસ, છીંક વેળા મોઢું અને નાક ઢાંકો.
- હસ્તધૂનન ને બદલે "નમસ્કાર" ની મુદ્રાથી અભિવાદન કરો.
- હાથ સાબુ અને પાણીથી વારંવાર ધુઓ.
- ખુબ પાણી પીઓ, પૌષ્ટીક આહાર અને પુરતી ઉંઘ લો.



વિના મુલ્યે નિદાન, દવા અને તમામ સારવાર માટે સરકારી આરોગ્ય કેન્દ્ર, હોસ્પીટલનો સંપર્ક કરો.

શાળાએ જતા બાળકોને તાવ, શરદી, ઉધરસ જેવા લક્ષણો હોય તો શાળાએ ન જવા, તેમજ તરત જ સારવાર લેવા વિનંતી છે

તાત્કાલિક સારવાર, સૌની સલામતી | GSDMA | ગુજરાત સરકાર દ્વારા જનહિતાર્થે